મોદીની ઉમેદવારીથી વડોદરામાં ભારે ઉત્સાહ

રોડ શોમાં લાખો લોકો ઉમટી પડ્યા : ચા વાળાને ગળે લગાવી તમામને ચોંકાવ્યા

અમદાવાદ, તા.૯

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે વિશાળ રોડ શો યોજ્યા બાદ વડોદરા બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યા હતા. મોદીના રોડ શોમાં લાખો લોકો જોડાયા હતા. મોદીની સાથે રોડ શોમાં આનંદીબેન પેટલ, સૌરભ પટેલ, પુરષોત્તમ રુપાલા, નીતિન પટેલ સહિતના ભાજપના નેતાઓ જોડાયા હતા. વડોદરામાં સવારે ૯.૪૫ વાગે રોડ શોની શરૂઆત થઇ હતી. મોદીના સ્વાગત માટે રોડ ઉપર લોકો ઉમટી પડ્યા હતા. મોદીએ જિલ્લા ચૂંટણી ઓફિસ પર પહોંચીને ઉમેદવારીપત્રો ભર્યા હતા. એક કલાક સુધી રોડ શોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ચારેબાજુ ભાજપ તરફી માહોલ જોવા મળ્યો હતો. મોદીએ વડોદરા બેઠક પરથી ઉમેદવારી દાખલ કરતાની સાથે છેલ્લા ઘણા દિવસથી ચાલતી અટકળોનો અંત આવી ગયો હતો. મોદીએ વડોદરા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યા બાદથી સમગ્ર દેશના રાજકારણીઓ અને લોકોની નજર આ બેઠક ઉપર પણ કેન્દ્રિત થઇ ગઇ છે. વડોદરાની બેઠકને લઇને હવે તમામ રાજકારણીઓ અને હરીફ પક્ષોએ પણ આંકડાકીય ગણતરીઓ શરૂ કરી દીધી છે. વડોદરાની બેઠક પર છેલ્લે ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપના બાલુ શુક્લની જીત થઈ હતી. બાલુ શુક્લએ આ બેઠક પર ચૂંટણી મેદાનમાં ઉતરીને ૪૨૮૭૯૨ મત મેળવ્યા હતા જ્યારે હરીફ પાર્ટી કોંગ્રેસના સત્યજિતસિંહે ૨૯૨૭૭૫ મત મેળવ્યા હતા. એકંદરે વડોદરાની બેઠક ભાજપ માટે હવે મહત્વપૂર્ણ બની ગઇ છે. વર્ષ ૨૦૦૯માં છેલ્લી લોકસભાની ચૂંટણીમાં વડોદરામાં ૪૯.૦૨ ટકા મતદાન થયું હતું અહીં પુરુષ અને મહિલાઓએ મેદાનમાં ઝંપલાવ્યા બાદ પાંચ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી હતી. ૧૨ પુરુષ અને એક મહિલા એમ કુલ ૧૩ ઉમેદવારોએ વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી પરંતુ ચાર પુરુષ ઉમેદવારોના ઉમેદવારી પત્ર રદ થયા હતા જ્યારે એક પુરુષ અને એક મહિલાએ ઉમેદવારી પાછી ખેંચી હતી જેથી છેલ્લે સાત ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા હતા જે પૈકી પાંચ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી દીધી હતી. વડોદરામાં કુલ મતદારોની સંખ્યા ૭૪૭૧૨૯ નોંધાઈ હતી અને વડોદરા બેઠક ઉપર કુલ ૪૯.૦૨ ટકા મતદાન નોંધાયું હતું. વડોદરામાં ૨૩મી મે ૨૦૦૯ના દિવસે છેલ્લી લોકસભાની ચૂંટણી માટેનું પરિણામ જાહેર કરાયું હતું. અહીં ભાજપના બાલકૃષ્ણ ખાંડેરાવ શુક્લાએ કોંગ્રેસના સત્યજીતસિંહ ઉપર ૧૩૬૦૨૮ મતે જીત મેળવી હતી. છેલ્લી લોકસભાની ચૂંટણી પર નજર કરવામાં આવ્યા બાદ લાગે છે કે, આ વખતે મોદીની લહેર વચ્ચે જીતનો અંતર ભાજપ વધારી શકે છે. મોદીના સમર્થકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોદીને રેકોર્ડ અંતરથી જીત અપાવવા માટે સમર્થકો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. મોદી માત્ર વડોદરામાંથી જ નહીં બલ્કે વારાણસીમાં પણ ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. વડોદરા ગુજરાતના ત્રીજા સૌથી મોટા શહેર તરીકે છે.

મુલાયમ, આઝમના સૂચનોથી ચૂંટણી પંચના અધિકારી ખફા

નવીદિલ્હી,તા.૯

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ, આરએલડીના વડા અજિત સિંહ અને રાજ્યના પ્રધાન આઝમ ખાન દ્વારા કરવામાં આવેલી વિવાદાસ્પદ સૂચનની નોંધ લેવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં ચૂંટણી સત્તાવાળાઓ પાસેથી ચૂંટણી પંચે વિસ્તૃત અહેવાલ માંગ્યો છે જેથી આ તમામ નેતાઓ ઉપર પણ તવાઈ દેખાઈ રહી છે. ચૂંટણી પંચના સૂત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે, મુખ્ય ચૂંટણી અધિકારીએ વિવાદાસ્પદ નિવેદનોની સીડી સોંપવા માટે સૂચના આપી છે. જિલ્લા ચૂંટણી અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે વિસ્તૃત અહેવાલ સુપ્રત કરવા કહેવામાં આવ્યું છે. યાદવ તેમના કહેવાતા સૂચન માટે ચૂંટણી પંચનું ધ્યાન ખેંચી ચુક્યા છે. યાદવે હાલમાં જ કહ્યું હતું કે, તેઓ અમિત શાહનો નિકાલ લાવશે. આઝમ ખાનના કારગિલ સૂચન અંગે પણ વિગત માંગવામાં આવી છે. કેન્દ્રીય પ્રધાન અજીતસિંહે પણ કહ્યું હતું કે, કોમવાદને રોકવા માટે તેઓ નરેન્દ્ર મોદીને તેઓ દરિયામાં પણ ફેંકી શકે છે. આ તમામ વિવાદાસ્પદ નિવેદનોના કારણે આવા નિવેદન કરનાર તરફ ચૂંટણી પંચે લાલઆંખ કરી છે. લખનૌમાં મિડિયાને સંબોધતા યાદવે ગઈકાલે કહ્યું હતું કે, આ કમનસીબ બાબત છે કે, અમિત શાહ જેવા લોકો સળિયા પાછળ નથી. અમિત શાહ જેવા લોકો ઉશ્કેરણીજનક ભાષણો આપી રહ્યા છે. ચૂંટણી પંચે હવે વિગત માંગી છે. આઝમ ખાને કહ્યું હતું કે, કારગિલ યુદ્ધ હિન્દુઓના કારણે નહીં બલ્કે મુસ્લિમોના કારણે જીતવામાં આવ્યું હતું. ચૂંટણી પંચના અધિકારીઓ હવે વિગતવાર અહેવાલ તૈયાર કરીને ચૂંટણી પંચને મોકલશે. અમિત શાહ પહેલાથી જ ચૂંટણી પંચની નારાજગીનો સામનો કરી રહ્યા છે.

મોદી ઉપર સોનિયા ગાંધીના પ્રહાર

કોલાર, તા.૯

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે પણ ઝંઝાવતી પ્રચારનો દોર જારી રાખ્યો હતો અને મુખ્ય રીતે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવ્યા હતા. સોનિયા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે, મોદીને એક જાદુગર તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યા છે. બુરખા પાછળ છુપાયેલા તેમના સાચા ચહેરાને રજૂ કરવામાં આવી રહ્યા નથી. તેમને એક જાદુગર તરીકે રજૂ કરવામાં આવી રહ્યા છે જે દેશની તમામ તકલીફોને દૂર કરી શકે છે. મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર ગાંધીએ ગુજરાતના વિકાસ મોડેલ ઉપર પ્રહાર કર્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે, કેટલાક લોકોને નાનકડી બાબત પણ મોટી રીતે રજૂ કરવાની ટેવ પડી જાય છે. જેથી અન્ય રાજ્યોમાં થઇ રહેલા કામો તેમને દેખાતા નથી. હાલના દિવસોમાં પણ આવું જ થઇ રહ્યું છે. દેશભરમાં જંગી ખર્ચ કરીને જાહેરાતો બનાવવામાં આવી રહી છે. યુપીએના ચેરમેને કર્ણાટકના કોલારમાં ચૂંટણી રેલીને

સંબોધતા કહ્યું હતું કે, હાલના દિવસોમાં ભાજપના લોકો મોદીને પ્રોજેક્ટ કરવામાં જંગી રકમ ખર્ચ કરી રહ્યા છે. બુરખા સાથે એક વ્યક્તિના સાચા ચહેરાને છુપાવવાના પ્રયાસ થઇ રહ્યા છે. ગુજરાત મોડલની ઝાડકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકોને ખોટી ટેવ પડેલી છે. ગાંધીએ કહ્યું હતું કે, વિકાસ માટે તમામ લોકોએ યોગદાન આપ્યું છે. ભુખમરાના કારણે ગુજરાતમાં પણ લોકો મરી રહ્યા છે. દરરોજની આજીવિકા મેળવવા માટે આદિવાસી લોકો તકલીફ ઉઠાવી રહ્યા છે. ગુજરાતમાં બળજબરીપૂર્વક ખેડૂતોની જમીન પચાવી પાડવામાં આવી છે. ગુજરાતમાં મહિલાઓની સ્થિતિની વાત કરવામાં આવે તો સતામણી જુદી રીતે થાય છે. આ વાસ્તવિક ચિત્ર છે. સોનિયા ગાંધીએ આવા લોકોથી દેશના નિર્માણની અપેક્ષા રાખી શકાય નહીં. એક ભાઈને બીજા ભાઈ સાથે લડાવવાના પ્રયાસ થઇ રહ્યા છે. ગાંધીની સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો રહ્યા હતા. કોલાર અનામત મત વિસ્તારમાંથી કોંગ્રેસ તરફથી કેન્દ્રિય પ્રધાન મુનિઅપ્પા ચૂંટણી લડી રહ્યા છે. ગાંધીએ કહ્યું હતું કે, અમારી પાસે બે વિકલ્પ છે. એક બાજુ ભાજપ છે જે કોમવાદી એજન્ડા ધરાવે છે. બીજી બાજુ કોંગ્રેસ છે જે હંમેશા ભાઈચારા અને એકતામાં વિશ્વાસ રાખે છે. કર્ણાટકમાં તમામ પ્રકારની વિકાસ કામગીરી હાથ ધરવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિકાસ કામગીરીનો ગાંધીએ ઉલ્લેખ કર્યો હતો. યુપીએ સરકારના છેલ્લા ૧૦ વર્ષના કામોનો ઉલ્લેખ કરતા ગાંધીએ કહ્યું હતું કે, અનેક સિદ્ધિ કહી શકાય તેવા કામો થયા છે. સમાજમાં દરેક વર્ગના લોકોની જીવનની ગુણવત્તામાં સુધાર થયો છે.

રાહુલ બિલકુલ બિનઅનુભવી

મોદી, રાહુલ દેશ માટે ખતરનાક : માયાવતી

મોરેના,તા.૯

બસપના વડા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આજે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને દેશ સામે ખતરા તરીકે ગણાવીને બંનેની ઝાટકણી કાઢી હતી. ચૂંટણી રેલીને સંબોધતા માયાવતીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી દેશ સામે ખતરો બની ચુક્યા છે. કોંગ્રેસ રાહુલને વડાપ્રધાન બનાવવા ઈચ્છુક છે. આની જાહેરાત કરવામાં આવી નથી પરંતુ રાહુલને વડાપ્રધાન બનાવવાના પ્રયાસ થઇ રહ્યા છે. બીજી બાજુ ભાજપે એવા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે જે ગુજરાતમાં ૨૦૦૨ના રમખાણ માટે જવાબદાર છે. માયાવતીએ કહ્યું હતું કે, મોદીને ગુજરાત રમખાણમાં તેમની ભુમિકા બદલ કોઈપણ રીતે માફ કરી શકાય નહીં. રાહુલ ગાંધી બિનઅનુભવી છે જેથી દેશને ચલાવવા તેમના ઉપર વિશ્વાસ મુકી શકાય નહીં. કોંગ્રેસ અને ભાજપ બંને મૂડીવાદીના ટેકાથી સત્તા ઉપર આવવાના પ્રયાસમાં છે. મુડીવાદીઓ માટે જ તે લોકો ભવિષ્યમાં નીતિ બનાવશે. ગરીબો અને દલિતોની હાલત કફોડી રહેશે.

સેંસેક્સ, નિફ્ટી ઓલટાઈમ હાઈ સપાટી પર

મુંબઈ, તા.૯

શેરબજારમાં આજે ઓલટાઈમ હાઈ રેકોર્ડ સપાટી જોવા મળી હતી. કારોબારના અંતે સેસેક્સ ૩૫૯ પોઈન્ટ ઉછળીને ૨૨૭૦૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઉછળીને ૬૭૯૬ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે આજે અનેક કારણો જવાબદાર રહ્યા હતા. સન ફાર્માએ રેનબેક્સી લેબને ૩.૨ અબજ ડોલરમાં ખરીદવાની જાહેરાત કરતા તેજીનું મોજુ રહ્યું હતું. સાતમી માર્ચ બાદથી સેંસેક્સમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો છે. બીએસઈ ઈન્ડેક્સ પૈકીના ૨૬ શેરમાં તેજી રહી હતી. ઈન્ફોસીસ અને ટીસીએસના નેતૃત્વમાં આઈટી શેરોમાં નાણાંકીય પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા ઘટાડો રહ્યો હતો. નિફ્ટી હવે ૬૮૦૦ની નજીક પહોંચતા નવી આશા જાગી છે. જ્યારે સેંસેક્સ ૨૭૦૦ની સપાટીને પાર કરી ચુક્યો છે. બેંને બેંચમાર્ક ઈન્ડેક્સ નવી ઉંચી સપાટી સાથે બંધ રહ્યા હતા. બેંકિંગ શેરમાં તીવ્ર તેજી જામી હતી. નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો હતો જ્યારે સેંસેક્સ ૩૫૯ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો હતો. એક વખતે તેની સપાટી ૨૨૭૪૦ ઉપર પહોંચી

હતી. મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૬ ટકાનો ઉછાળો નોંધાતા તેની સપાટીએ ૭૨૮૫ રહી હતી. ૧૭ શેર તેમની નવેસરની રેકોર્ડ બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા જેમાં અશોક લેલેન્ડ, ફિનોલેક્સ, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ, એસકેએસ, માઈક્રો ફાઈનાન્સનો સમાવેશ થાય છે. બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨.૦૧ ટકાનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૭૪૨૭ નોંધાઈ હતી. શેરબજારમાં તેજી માટે ઘણા પરિબળો જવાબદાર દેખાઈ રહ્યા હતા. ગઈકાલે શેરબજારમાં રામ નવમીની રજા હતી પરંતુ તેના એક દિવસ પહેલા શેરબજારમાં ભારે ઉથલપાથલનો દોર રહ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, રામ નવમીના એક દિવસ પહેલા શેરબજારમાં ભારે ઉથલપાથલમાં કારોબાર વચ્ચે અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. સોમવારના દિવસે સેંસેક્સ ૧૬ પોઈન્ટ ઘટીને ૨૨૩૪૩ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ ૨૨૪૮૨ની સપાટી ઉપર પહોંચ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ઈન્ટ્રા ડે દરમિયાન વધુ ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ ૬૬૯૫ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં સોમવારે કારોબાર દરમિયાન જુદા જુદા મુદ્દાઓને લઈને ચર્ચા રહી હતી. ભાજપે ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો જેમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતને લઈને ચર્ચા રહી હતી. આર્થિક વિકાસ, રોજગારી, ઈ-ગવર્નન્સ, કરવેરા વ્યવસ્થાને સરળ બનાવવા સહિતના મુદ્દાઓ ઉપર વાત કરી હતી. એશિયન બજારમાં પણ આજે નબળું વાતાવરણ રહ્યું હતું.

ઉત્તર પ્રદેશના મુસ્લિમોમાં મોદીને લઈને ભારે દહેશત

લખનૌઉ,તા.૯

ઉત્તર પ્રદેશના મુસ્લિમ સમુદાયના લોકોમાં મોદીને લઈને હજુ પણ દહેશત ફેલાયેલી છે. મોદીને કઈ રીતે રોકવામાં આવે તેને લઈને નવા સમીકરણો રચાવાની શક્યતા દેખાઈ રહી છે. દહેશત મુખ્ય પરિબળ સમાન છે. મુસ્લિમ મતો ખૂબ વિભાજિત દેખાઈ રહ્યા છે. ૨૦૧૪ની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ ૧૩ ઉમેદવાર મુસ્લિમો ઉતાર્યા છે જ્યારે બહુજન સમાજ પાર્ટીએ ૧૯, કોંગ્રેસે ૧૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. રસપ્રદ બાબત એ છે કે ભાજપે આ વખતે પણ કોઈપણ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી નથી. છેલ્લે ૨૦૦૯ની ચૂંટણીમાં સપાએ ૧૨ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા જે પૈકી કોઈની પણ જીત થઈ ન હતી. બહુજન સમાજ પાર્ટીએ ૧૪ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા હતા જે પૈકી ચારની જીત થઈ હતી. જે પૈકી કોંગ્રેસના નવ પૈકી ત્રણની જીત થઈ હતી. મુસ્લિમ નેતાઓ માને છે કે અમે રાજનીતિની વિરુદ્ધમાં નથી પરંતુ રાજકીય લાભ મેળવવા માટે તેમનો દુરુપયોગ કરવામાં આવે તે યોગ્ય નથી. આ વખતે પણ મુસ્લિમ લોકોની સંખ્યા ખૂબ મોટી છે આવી સ્થિતિમાં ભાજપ માટે બેઠકોની બાબત મહત્વપૂર્ણ રહેશે. ઉત્તર પ્રદેશની ૫૦થી વધુ બેઠકો ઉપર મુસ્લિમ સમુદાયના લોકો પરિણામમાં ભૂમિકા ભજવી શકે છે. ૧૫ ટકાથી વધુ મુસ્લિમ વસ્તી છે. લઘુમતી સપોટ દરેક પાર્ટીને ઉપયોગી સાબિત થઈ શકે છે. ભાજપને ક્યારેય પણ મુસ્લિમ સમુદાયનો ટેકો મળ્યો નથી પરંતુ આ વખતે હજુ સુધી ભાજપ તરફી વાતાવરણ છે.

સમાચાર ઝલક

- ડોલર સામે રૂપિયો મજબૂત બનતા આયાતી કઠોળ-ખાદ્યતેલ સસ્તા થશે.
- ઓનલાઇન રીટર્ન ભરનારા સાવધાન, વિગતો ખાનગી રહેતી નથી.
- રાજકોટમાં આખા બ્રાહ્મણ પરિવારની હત્યાનો ઇરાદો પોલીસે નિષ્ફળ બનાવ્યો.
- ચૂંટણીના કારણે ટ્રાવેલ્સ ઓપરેટરોનું ૩૦ એપ્રિલ સુધી વેકેશન, આંગડીયાઓના ધંધાને અસર, બજારમાં આર્થિક ખેંચ શરૂ થઇ.
- કેદારનાથના યાત્રાળુઓની સંખ્યા ૧૦૦૦ સુધી નિયંત્રિત રખાશે.
- બારડોલી તાલુકાના યુવા ભાજપના ઉપપ્રમુખને પાસા હેઠળ જેલમાં ધકેલાયા.
- ઓસ્ટ્રેલીયન ક્રિકેટર બ્રેટ લીએ ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા.
- સોનીયા ગાંધીએ અમેરિકન કોર્ટને પાસપોર્ટની નકલ આપવાનો ઇન્કાર કર્યો.
- નેટવર્કીંગ સાઇટ્સથી લગ્ન જીવન સામે ખતરો, ભંગાણ થવાની શક્યતા, સર્વેનું તારણ.
- કચ્છમાં દારૂ સામે રણચંડી બનેલી મહિલાઓ, ત્રણ જનતા રેડ પાડી, પોલીસ લાચાર.
- લોકસભાની ચૂંટણી પર ૭૦ હજાર કરોડનો સટ્ટો ખેલાશે.
- અમદાવાદના નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ૧.૧૦ કરોડની છેતરપીંડીની ફરિયાદ નોંધાઇ.
- નાનકડી ચીપ્સ બનશે હેલ્થ મોનીટર, વૈજ્ઞાનિકોની શોધને સફળતા.
- ગુજરાતમાં ચાલુ ટ્રેને ૭૦૦ કિલો ચાંદીની ચોરી કરતી ગેંગ ઝડપાઇ.
- અમદાવાદ રેલ્વેનો રેકોર્ડ ૨૦૧૩-૧૪ની વાર્ષિક આવક રૂા. ૪૪૦૦ કરોડ થવા પામી.
- ટી-૨૦ વિશ્વ કપમાં 'મેન ઓફ ધી સિરીઝ' બનનાર વિરાટ કોહલી પ્રથમ ભારતીય ક્રિકેટર બન્યો.
- ચીનમાં અંતિમ સંસ્કાર વખતે રડવા માટે રૂદાલી બનવા માટે રૂા. ૩૦,૦૦૦/- ના પેકેજ ભાડે મળે છે.
- કોર્ટે ઓમ પુરી અને તેમનાં પત્નીને આંતરિક સમજુતીથી વિવાદ ઉકેલવા જણાવ્યું.
- શનિ-રવિ મહાવીર જયંતી અંતર્ગત કતલખાના બંધ રાખવા જૈન સમાજની અપીલ.

ઇસ્લામાબાદમાં વિસ્ફોટ થતા ૨૩ લોકોના ફુરચેફુરચા થયા

ઈસ્લામાબાદ,તા. ૯

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં આજે સવારે ફુટ અને શાકભાજીના માર્કેટમાં પ્રચંડ બ્લાસ્ટ થતા ઓછામાં ઓછા ૨૩ લોકોના મોત થયા હતા. અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. ઘાયલોની સંખ્યા ૧૨૦થી વધુ આંકવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. પાકિસ્તાન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ દ્વારા જાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે બ્લાસ્ટ બાદ લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર છે. પોલીસ સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મેટ્રો શોપિંગ સેન્ટરની પાછળ ઈસ્લાબાદના ૧-૧૧ સેક્ટરમાં આ બ્લાસ્ટ થયો હતો. બોમ્બ પંજાબ પ્રાંતથી લાવવામાં આવેલા ફળફળાદીના બોક્સમાં પ્લાન્ટ કરવામાં આવ્યા હતા. સવારમાં વ્યસ્ત કલાક દરમિયાન બ્લાસ્ટ થયા હતા. ફળફળાદીના બજારમાં મોટી સંખ્યામાં લોકો હતા ત્યારે બ્લાસ્ટ થયા હતા. સમગ્ર વિસ્તારને સીલ કરીને તપાસ હાથ ધરી હતી. બચાવ અને રાહત કામગીરીમાં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા હતા. પોલીસે પાંચ કિલો વિસ્ફોટક સામગ્રી સાથે રીમોટ કન્ટ્રોલ મળતા મોટી ઘાત ટળી ગઈ ગઈ હતી. ત્રાસવાદીઓ દ્વારા બ્લાસ્ટ કરવામાં આવ્યો હોવાનો દાવો પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યો છે. તહેરીકે તાલિબાન દ્વારા ૧૦મી એપ્રિલના દિવસથી યુદ્ધ વિરામને અમલી બનાવવાની જાહેરાત કરી છે ત્યારે આના એક દિવસ પહેલા આ બ્લાસ્ટ કરવામાં આવ્યો છે. હજુ સુધી નવા હુમલાની જવાબદારી કોઈ પણ સંગઠને સ્વીકારી નથી. પરંતુ તાલિબાને હાલમાં અનેક હુમલા કર્યા છે. વર્ષ ૨૦૦૭ બાદથી તાલિબાની ત્રાસવાદીઓ દ્વારા અનેક હુમલા કરવામાં આવ્યા છે.

વોશિંગ્ટન પોસ્ટ દ્વારા મોદીની પ્રશંસા

બિઝનેસ સમુદાયમાં મોદી ખૂબ જ લોકપ્રિય: અમેરિકા

નવી દિલ્હી, તા.૯

અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર વોશિંગ્ટન પોસ્ટે પણ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની જોરદાર પ્રશંસા કરી છે અને કહ્યું છે કે નરેન્દ્ર મોદી વિકાસના માર્ગ ઉપર દેશને લઈ જશે. નરેન્દ્ર મોદીને ભારતમાં યોજાનાર ચૂંટણીમાં મોટી લીડ મળી રહી છે. મોદીના સંબંધના અમેરિકી લોકો પણ માની રહ્યા છે કે તેમના ભ્રષ્ટાચારમુક્ત ભારતના સ્વપ્નને તે આગળ વધારી શકશે. મોદી ખૂબ જ શિસ્તમાં રહેનાર અને આર્થિક મામલે દેશને આગળ લઈ જનાર છે. જો કે અમેરિકી અખબારે મોદીની કેટલીક નબળાઈનો પણ ઉલ્લેખ કર્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે પત્રકારો પ્રત્યે તેમનું વલણ પ્રતિકૂળ રહે છે. ખૂબ ઓછી વખત તેઓ ઈન્ટરવ્યૂહ આપે છે. આમા પણ મોટી બાબત એ છે કે મોદીએ વહીવટી તંત્ર માટે તાનાશાહી નીતિ અપનાવી છે. વ્યવસ્થિત રીતે તેઓ પોતાના ટીકાકારો અને સંભવિત વિરોધીઓનો સફાયો કરી રહ્યા છે. અખબારે કહ્યું છે કે ભારત અને દુનિયાના લોકો આશા લગાવી રહ્યા છે કે મોદી એક અસરકારક ભારતીય નેતા તરીકે ઉભરી આવશે. અખબારનું કહેવું છે કે મોદીને વડાપ્રધાન બનવાની શક્યતાના લીધે જ ભારતના શેરબજાર અને રૂપિયામાં તેજી આવી ગઈ છે. આનાથી વિદેશી રોકાણકારો પણ ખુશ દેખાઈ રહ્યા છે. નાના સ્તર ઉપર મોદીએ સાબિતી આપી છે કે તેઓ કાયદા મુજબ ભ્રષ્ટાચારને દૂર કરી શકશે. વોશિંગ્ટન પોસ્ટે એમ પણ લખ્યું છે કે બિઝનેસ સમુદાયના લોકો મોદીને ખૂબ જ પસંદ કરે છે પરંતુ દેશના મુસ્લિમ અને સેક્યુલર લોકોને મોદી બિલકુલ પસંદ નથી. મોદી મુસ્લિમ વિરોધી વલણ છોડી ચૂક્યા છે પરંતુ ૨૦૦૨ના ગુજરાત રમખાણ માટે મોદીએ માફી માગી નથી. અખબારે એવી દહેશત પણ વ્યક્ત કરી છે કે મોદી સરકાર ભારતના લોકતંત્રને નવેસરથી બનાવી શકે છે. ધાર્મિક કટોકટી વધી શકે છે.